
જન્મશતાબ્દી પુસ્તકમાળા - ૧૭
ભગવાન શંકર કોણ છે ?
(પ્રવચન)
- પં.શ્રીરામશર્મા આચાર્ય

## ગાયત્રી મંત્ર અમારી સાથે સાથે :

ૐ, ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥

ભગવાન શંકર કોણ છે?

## દેવીઓ અને ભાઈઓ

ભગવાન શંકરના વિવિધ સ્વરૂપોથી પ્રાપ્ત શિક્ષાઓ .......

ભવાની શંકરૌ વન્દે શ્રદ્ધા વિશ્વાસ રુપિણી યાભ્યાં વિના ન પશ્યન્તિ સિદ્ધા : સ્વાન્તસ્થમીશ્વરમ ||

ગોસ્વામી તુલસીદાસજી જ્યારે રામાયણનું નિર્માણ કરવા લાગ્યા ત્યારે તેમના મનમાં એક વિચાર આવ્યો કે આટલો મોટો ગ્રંથ, જેના આધાર ઉપર સમગ્ર સંસારનાં પ્રાણીઓના ઉદ્ધાર થઈ શકે તેને માટે મારે શું કરવું જોઈએ ? આને માટે કઈ શક્તિની મદદ લઈ શકાય ? ત્યારે તેમને થયું કે ભવાની શંકરની વંદના કરવી જોઈએ અને તેમની સહાયતા લેવી જોઈએ. તેમની શક્તિ વગર આટલું મોટું રામચરિતમાનસ જેના આધારે અનેક માનવીઓને ભવસાગર પાર ઉતારવાના, કેવી રીતે શક્ય બનશે ? તેમણે ભવાની અને શંકરની વંદના કરી. ત્યારબાદ તેમના મનમાં એક બીજો વિચાર આવ્યો કે આ ભગવાન શંકર છે કોણ ? શક્તિ ક્યાંથી આવે છે ? કેમ આવે છે ? ઉદ્ધાર કઈ રીતે થઈ શકે

? આવા અનેક પ્રશ્નો તુલસીદાસજીના મનમાં ઉદભવ્યા. તેનું સમાધાન પણ તે જ શ્લોકમાં થયું જેનું મેં તમારી સામે વિવેચન કર્યું- ‘ભવાની શંકરૌ વન્દે’ ભવાની અને શંકરની અમે વંદના કરીએ છીએ.

‘શ્રદ્ધા વિશ્વાસ રુપિણૌ’ - આ કોણ છે ? પાર્વતી શ્રદ્ધા છે અને વિશ્વાસ શંકર છે. શ્રદ્ધા અને વિશ્વાસ – આ બંનેનું નામ જ શંકર પાર્વતી છે. એમનું જ પ્રતીક શરીર, મૂર્તિ આપણે મંદિરોમાં સ્થાપીએ છીએ. તેમના ચરણોમાં આપણાં મસ્તક ઝુકાવીએ છીએ, જળ ચઢાવીએ છીએ. બિલીપત્ર ચઢાવીએ છીએ, આરતી કરીએ છીએ. આ બધી ક્રિયા-કૃત્યો આપણે કરીએ છીએ, પરંતુ ખરેખર શંકર છે કોણ ? ‘શ્રદ્ધા અને વિશ્વાસ’ – ‘યાભ્યાં વિના ન પશ્યન્તિ’ – જેમની પૂજા કર્યા વગર કોઈપણ સિદ્ધ પુરુષ ભગવાનને મેળવી નથી શકતો. ભવાની શંકરની આ મહાનતા તથા માહાત્મ્ય ઉપર હું વિચાર કરતો રહ્યો ત્યારે એક બીજી પૌરાણિક કથા મારી સામે આવી.

પૌરાણિક કથા એવી છે કે એક સંકટના સમયમાં જ્યારે ભગવાન પરશુરામને સમાચાર મળ્યા કે સંસારમાં અન્યાય, અત્યાચાર ફેલાઈ ગયો છે. ત્યારે એમને થયું કે આના નિવારણ માટે મારે શું કરવું ? પરશુરામજી ઉત્તર કાશી ગયા અને ભગવાન શિવની આરાધના-તપ કરવા લાગ્યા. આનાથી પ્રસન્ન થઈ ભગવાન શંકર દ્વારા તેમને એક પરશુ આપવામાં આવ્યું અને કહેવામાં આવ્યું કે, અનીતિનો, અન્યાયનો, અત્યાચારનો આ જગત

માંથી નાશ કરો આ કાર્ય તમારે કરવાનું છે. ભગવાન શંકરની આવો મહિમા અને શક્તિ વર્ણન પુરાણોમાંથી જાણી શકાય છે. પરંતુ આજે આપણે આ શક્તિને રુંધાઈ ગયેલી જોઈએ છીએ – આમ કેમ? આપણે ભગવાન શંકરની પૂજા કરીએ છીએ છતાં સમસ્યાઓથી ઘેરાયેલા કેમ છીએ ? શંકરની શક્તિ વરદાન બની સામે કેમ નથી આવતી ? શંકરના ભક્ત હોવા છતાં પણ આપણે પ્રગતિ કેમ ન કરી શક્યા અને અવગતિ પામ્યા ? પ્રભુ આપણી સહાયતા ક્યારે કરશે ? આ વિચાર હું મોડે સુધી કરતો રહ્યો.

અઢાર પુરાણોના અનુવાદ મેં સંસ્કૃત માંથી હિન્દીમાં કર્યો છે. તેમાંથી શિવપુરાણની એક કથા મને યાદ આવી, જેણે મારી શંકાનું સમાધાન કર્યું કે કેમ ભગવાન શંકર અમારી સહાયતા નથી કરતા કેમ તેમની શક્તિઓનો લાભ મળતો નથી ? કેમ તેમના ચમત્કાર જોઈ શકાતા નથી ?

જ્યારે શંકર ભગવાનના ભક્ત કે જેણે કેવા કેવા વરદાન પ્રાપ્ત કર્યા છે. જેઓ કોઈ પણ તપ કરવા ઊભા થઈ ગયા અને તેઓ ન જાણે શું નું શું મેળવતા ગયા ?

હું અને તમારા જેવા શિવ-ઉપાસક તે શક્તિને પ્રાપ્ત ન કરી શકીએ – એવી વાત નથી, પરંતુ ક્યાંક ને ક્યાંક ભૂલ થઈ જાય છે. તે ભૂલને આપણે સુધારવી પડશે અને સુધારવી જ જોઈશે. તેના સિવાય અધ્યાત્મને પૂરો લાભ નહીં મળી શકે, અને દુનિયાની

સામે આપણે માથું ઊંચુ કરીને કહી નહીં શકીએ કે અમે એવી શક્તિના ઉપાસક છીએ જે પોતાની આંગળીના ઈશારાથી સમગ્ર વિશ્વને હલાવી શકે છે. તો ભૂલચૂક ક્યાં થઈ ?

ભૂલચૂક ત્યાં થઈ જ્યારે ભગવાન શિવ અને શક્તિ પાર્વતીનું અસલી સ્વરૂપ આપણી સમજમાં  ન આવ્યું, માત્ર એમનું બહારનું સ્વરૂપ જ સમજમાં આવ્યું.

ભગવાન શંકરનું પણ એક શરીર છે. અને એક પ્રાણ. એક બહારનું સ્વરૂપ છે અને એક અંતરંગ સ્વરૂપ. જ્યારે આપણે એ બંનેને જોડી દઈશું ત્યારે જેમ પોઝિટિવ અને નેગેટિવ તારોને જોડીએ અને સ્પાર્ક થઈને કરંટ શરૂ થઈ જશે. બહિરંગ સ્વરૂપને તમે ઓળખો છો અને જ્યાં સુધી તમે સીમિત છો, એ શરીરમાં મંદિરમાં બેઠું છે. જેના ચરણોમાં આપણે મસ્તક નમાવીએ છીએ, જળ ચઢાવીએ છીએ, પૂજા કરીએ છીએ, આરતી ઉતારીએ છીએ અને જયજયકાર કરીએ છીએ – આ બહારના શરીર માટે કરીએ છીએ. આની પણ સખત જરૂર છે. પરંતુ આ જ બધું નથી. આપણે આંતરિક રૂપના વિષયમાં પણ જાણવું જોઈએ.

## શિવનું તત્વજ્ઞાન

શિવ ભારતીય ધર્મના પ્રમુખ દેવતા છે. બ્રહ્મા અને વિષ્ણુના ત્રિવર્ગમાં તેઓની ગણના થાય છે. પૂજા-ઉપાસનામાં મુખ્ય શિવ અને શક્તિ જ હોય છે. તેમને

નિખાલસતાની મૂર્તિ માનવામાં આવે છે. વિશાળકાય તીર્થ સ્વરૂપ દેવાલયો તરીકે દ્વાદશ જયોતિલિંગો પણ છે અને સાથે સાથે જોવા મળશે કોઈ ખેતરના શેઢા ઉપર ચબૂતરો કરીને ગોળ પથ્થર મૂકી તેની પૂજા થાય. પૂજાને માટે એક લોટો જળ ચઢાવવું પર્યાપ્ત હોય છે. શક્ય હોય તો બિલીપત્ર ચઢાવાતાં હોય છે. તેમને નથી ફળોની અપેક્ષા કે નથી ધૂપ, દીપ, નૈવેદ્ય, ચંદન, પુષ્પ વગેરે અલંકારોનું આકર્ષણ.  શું શિવ ક્યાંય છે ? જો હા, તો તેમની ક્રિયા-પદ્ધતિ શું છે ? આ પ્રશ્નોનો ઉત્તર વિનોદી ન હોઈ શકે. એમનું વર્ચસ્વ સાધારણ મનુષ્યો જેવું નથી, કે ન તો તેમને અનાજ, પહેરવા કે રહેવા માટે જરૂરી સાધન-સામગીની ચિંતા તે સર્વવ્યાપી અને નિરાકાર છે. સૂક્ષ્મ એ પોતાનામાં જ રહેલો એક આકાર છે. એટલો વિસ્તૃત અને વ્યાપક કે સમગ્ર વિશ્વ બ્રહ્માંડ આસાનીથી સહજ રીતે તેમાં સમાઇ શકે.

આ સૃષ્ટિના દરેક પ્રાણી અને પદાર્થમાત્રને ત્રણ અવસ્થા માંથી પસાર થવું પડે છે. સૌથી પહેલાં ઉત્પાદન, બીજું અભિવર્ધન અને ત્રીજું પરિવર્તન, સૃષ્ટિની ઉત્પાદક પ્રક્રિયાને બ્રહ્મા, અભિવર્ધનને વિષ્ણુ અને પરિવર્તનને શિવથી ઓળખવામાં આવે છે. અહીં મરણની સાથે જન્મનો ક્રમ નિરંતર રહેલો છે. બી પડવાથી નવો છોડ ફૂટે છે, છાણ સડવાથી રૂપાંતરિત થયેલું ખાતર આ છોડની વૃદ્ધિમાં અસાધારણ રીતે સહાયક બને છે. જૂનું કાપડ ફાટી જવાથી કે નાનું પડવાથી તેનો રાસાયણિક પ્રક્રિયા દ્વારા કાગળ બનાવવામાં આવે છે.

નવાં વસ્ત્રોની – કાપડની તાત્કાલિક વ્યવસ્થા કરવામાં આવે છે. આ શરૂઆતને શિવ કહી શકાય. તે શરીરની સાથે અગણિત શારીરિક પીડાઓથી મરતા અને જન્મતા જોઈ શકાય છે અને સૃષ્ટિના જૂના થતા ક્રમમાં મહાપ્રલયના રૂપમાં પણ સ્થિર રહેવું એ જડતા છે. શિવને નિષ્ક્રિયતા પસંદ નથી. તેમને મનવાંછિત ગતિશીલતા જ છે. ગતિની સાથે પરિવર્તન અનિવાર્ય છે. શિવ તત્વને સૃષ્ટિની નિરંતર પ્રક્રિયામાં ઝાંખી કરતા જોઈ શકાય છે. ભારતીય તત્વજ્ઞાનનો અધ્યવસાયી કલાકાર અને કલ્પના ભાવ સંવેદનાથી ધનવાન રહ્યા છે. તેઓએ પ્રવૃત્તિઓને મનુષ્ય સંબંધી કાયાનું સ્વરૂપ આપ્યું છે. વિદ્યા અને સરસ્વતી, સંપત્તિને લક્ષ્મી અને પરાક્રમને દુર્ગાનું રૂપ આપ્યું છે. આવી રીતે ઘણા બધા તત્વો અને તથ્યો દેવીદેવતાઓના નામથી કોઈને કોઈ મૂર્તિ રૂપી શરીરમાં પ્રતિષ્ઠિત કરવામાં આવ્યાં છે. તત્વજ્ઞાનીઓના અનુસાર અનેકગણા દેવતા થયા છે. સમુદ્રનું પાણી એક જ હોવા છતાં જેમ તેની લહેરો ઊંચી નીચી અને જુદા જુદા આકારમાં દેખાય છે તેમ પરબ્રહ્મ પરમાત્મા એક જ છે, તો પણ તેમનાં અંગ-અવયવોની જેમ દેવ વર્ગની માન્યતા જરૂરી થઈ પડે  છે. આવી જ સુંદર આલંકારિક રચનામાં શિવજીને મૂર્ધન્ય સ્થાન મળ્યું છે.

પ્રકૃતિની સાથે ગૂંથાઈને તેના ક્રમમાં પાનખરમાં પીળા પાનને ખેરવી વસંતની કૂંપળ અને ફૂલ ખીલવતા રહે છે. એટલે જ તો તેમને વૈરાગી કહેવામાં આવે છે. મૃત્યુ ક્યારેય અપવિત્ર નથી કે નથી ભયંકર. સડવાથી ગંદકી ફેલાય છે, શરીરની વિધિવત

અન્ત્યેષ્ટિ કરવામાં આવે તો સડવાની કોઈ વાત રહેતી નથી. મરણના રૂપમાં શિવસત્તાનું જ્ઞાન દરેક વ્યક્તિને થાય તે માટે તેમનું સ્થાન સ્મશાનમાં રાખ્યું છે. ત્યાં જ વીખરાયેલી ભસ્મને શરીર ઉપર ચોળી લે છે જેથી કરીને ઋતુઓની અસર શરીર ઉપર ન થાય. મૃત્યુને જે કોઈપણ મનુષ્ય જીવનની સાથે ગૂંથેલું જુએ છે તેની ઉપર ક્યારેય આક્રોશના તાપનું આક્રમણ થઈ શકતું નથી. કે નથી તેને બીકના માર્યા ટાઢિયો તાવ આવતો. તે હંમેશા નિર્વિકલ્પ નિર્ભય રહે છે. તેઓ વાઘનું ચામડું ધારણ કરે છે. જીવનમાં આવા જ સાહસ અને બળની આવશ્યકતા છે, જેથી વાઘ જેવી લુચ્ચાઈ અને ખરાબીઓની ચામડી ઉખેડી શકાય અને તેને કમર ઉપર કસીને બાંધી શકાય. શિવ જ્યારે આનંદવિભોર બને છે ત્યારે મુંડ માળા ધારણ કરે છે. આ જીવનની અંતિમ ભેટ અને પરણતિ છે અને રાજા અને રંક સમાનતાથી છોડે છે. તે બધી જ એક દોરીમાં પરોવીને પહેરાય છે, આમાં નથી ભણેલો ઉપર રહેતો કે નથી અભણ નીચે. આ જ સમત્વ યોગ છે. અસમાનતા અહીં જોવા નથી મળતી.

શીવને નીલકંઠ પણ કહેવામાં આવે છે. કથા એવી છે કે સમુદ્રમંથનમાં જ્યારે સૌ પ્રથમ વર્ગનો દારૂ અને અહંકારનું વિષ નીકળ્યું તો તેને ભગવાન શિવ દ્વારા ગ્રહણ કરવામાં આવ્યું. તેને પી ન જતાં ગળામાં ધારણ કર્યું, ઓકી ન કાઢયું. જો તેને ઓકી કાઢયું હોત તો વાતાવરણમાં ઝેરની અસર ફેલાત અને જો પીધું હોત તો પેટમાં તકલીફ

થાત. આવી રીતે વચ્ચેનો રસ્તો અપનાવ્યો. શીખવાનું એ છે કે ઝેરને ધારણ કર્યા બાદ ન તો એકરૂપ કરાય, ન તેને ઉદ્વેગ ઉત્પન્ન કરવા ઓકાય. તેને તો કંઠમાં જ પ્રતિબંધિત કરાય.

આનું તાત્પર્ય યોગ સિદ્ધિ સાથે પણ છે. યોગી પુરુષો પોતાના સૂક્ષ્મ શરીર ઉપર અધિકાર પ્રાપ્ત કરી લે છે જેથી કરી તેમના સ્થૂળ શરીર ઉપર ઝેરની કોઈ અસર નથી થતી. તેને પણ તેઓ સામાન્ય સમજીને પચાવી લે છે. આનો અર્થ એવો ખરો કે સંસારના ઝેર જેવાં દૂષણો, અપમાન, દુઃખ, મુશ્કેલીઓ અને કટુ વચનોની તેમના પર કોઈ અસર થતી નથી. તેને તેઓ સામાન્ય ક્રિયાઓ સમજી આત્મસાત્ કરી લે છે અને પોતાનો વિશ્વ કલ્યાણ હેતુ આત્મિક વૃત્તિનો અચલ ભાવ સ્થિર રાખી કાર્ય કરે જાય છે. અન્યની જેમ લોકોપચાર કરતી વખતે એનું બીજે ધ્યાન નથી હોતું. તેઓ નિર્વિકાર ભાવથી જ બીજાનું ભલું કરતા હોય છે. પોતે વિષ પીએ છે પરંતુ બીજાને તો અમૃત લૂંટાવતા રહે છે.

શિવનું વાહન પોઠિયો છે. જે શક્તિનો પૂંજ પણ છે અને સૌમ્ય -સાત્વિક પણ. આવા જ આત્માનો શિવ તત્વથી જોડાયેલા રહે છે અને પોઠિયા જેવા યશ પામે છે. શિવનો પરિવાર ભૂતપલીન જેવો અણઘડોનો બનેલો છે. પછાત, અપંગ અને પાછળ રહી ગયેલાઓને સાથે રાખવાની જ સેવા સહયોગનું પ્રયોજન બને છે.

ભગવાન શંકરનું રૂપ પ્રતીક ગોળ બનાવવામાં આવ્યું છે. ગોળ શું છે – ગ્લોબ. આ સમગ્ર વિશ્વ જ તો ભગવાન છે ને ! જો આપણે પણ વિશ્વને આ જ રૂપમાં જોઈશું તો અધ્યાત્મના તે ઊંડાણમાં પહોંચી શકીશું જ્યાં ભગવાન રામ અને કૃષ્ણે પોતાના ભક્તો ને દર્શન આપ્યા હતાં. ગીતા અનુસાર અર્જુન જ્યારે વિષાદમાં ડૂબેલો હતો ત્યારે ભગવાને તેને વિરાટ સ્વરૂપ દર્શાવીને કહ્યું હતું કે, 'આ સમગ્ર વિશ્વ બ્રહ્માંડ જે કાંઈ પણ છે તે હું જ છું. એક દિવસ માતા યશોદા કૃષ્ણને ધમકાવી રહ્યાં હતાં અને પૂછતાં હતા કે તેં માટી ખાધી છે ત્યારે ભગવાન કૃષ્ણ કહે છે કે મેં માટી નથી ખાધી, તું જોઈ લે. આમ કરી પોતાનું મોં ખોલી સમગ્ર વિશ્વ બ્રહ્માંડનું દર્શન કરાવી માતાને કહે છે આ જ મારું અસલી સ્વરૂપ છે. ભગવાન રામે પણ આ જ કહ્યું હતું રામાયણમાં વર્ણન છે કે માતા કૌશલ્ય અને કાકભુશંડિજીને પણ તેમણે વિરાટ સ્વરૂપ બતાવ્યું હતું. આનો અર્થ એ જ કે આપણે સમગ્ર સંસારને વિશ્વને ભગવાનની સંપત્તિ, ઐશ્વર્ય – ભગવાનનું સ્વરૂપ માનીને જ ચાલવું જોઈએ. શંકરનું ગોળ શિવલિંગ આનું જ એક નાનકડું સ્વરૂપ છે, જે બતાવે છે કે બ્રહ્માંડ ગોળ છે, અણુ ગોળ છે, ધરતી માતા, વિશ્વ માતા ગોળ છે. આને આપણે ભગવાનનું સ્વરૂપ સમજીએ અને વિશ્વની સાથે આપણે જેવો ઇચ્છીએ છીએ તેવો વ્યવહાર કરી શકીએ તો આનંદ થઈ જાય. પછી આપણી શક્તિ, આપણું જ્ઞાન, આપણી ક્ષમતા એટલી થઈ જાય એટલી ભગવાન શંકરના ભક્તોની હોવી જોઈએ. શંકર ભગવાનના ગળામાં કાળા સાપ અને

ખોપરીની માળા હોય છે. કાળા વિષધરોનો ઉપયોગ તેમણે કેવી સિફતથી કર્યો છે. તેમના માટે તો ફાયદાકારક જ છે કેમ કે તેમને તો ડંસ મારતાં નથી ને ! ઉપયોગી પણ છે. શંકર ભગવાનનો આ બોધ પાઠ દરેક શંકર ભક્તે પોતાની ફિલોસોફીમાં વણી લેવો જરૂરી છે. પ્રભુ દર્શાવે છે કે કોને ગળે લગાડવો જોઈએ અને કોનો કેવી રીતે લાભ લેવો જોઈએ ? શંકરના ગળામાં રહેલી મુંડોની માળા પણ આવો જ બોધ આપી રહી છે. તે કહી રહી છે કે ચહેરાને અરીસામાં વીસ વીસ વાર જોઈએ છીએ, સજાવવા શણગારવાને માટે રંગ પાઉડર લગાડીએ છીએ એ ફક્ત ખોપરીના હાડકાના ટુકડા માત્ર છે. ચામડીને ઉપરથી સોનેરી વસ્તુથી રંગી દીધી છે અને જે બહારના રંગીન આપે જોઈએ છીએ, તેને જો ખોલીને જોઈશું તો આપણે જે ખૂબસૂરત મુખથી ખુશ થઈએ છીએ એ બીજું કાંઈ જ નથી પરંતુ હાડકાઓના ટુકાડા જ છે જે એકત્રિત થઈને પડ્યા છે. મિત્રો ! આ શિખામણ છે. આપણે ભગવાન શંકરના ચરણોમાં બેસીને શીખવી જોઈએ.

શંકરનો વિવાહ થયો તો લોકોએ કહ્યું કે કોઈ મોટા માણસને બોલાવો, દેવતાઓને બોલાવો તેમણે ના પાડી અને કહ્યું કે મારા વર ઘોડામાં તો ભૂતપલીત જ આવશે. રામાયણનો છંદ છે, – ‘તનુ ક્ષીન કોઉ અતિ પીન પાવન કોઈ અપાવન તનુ ધરે.’ શંકરજીએ તો ભૂતપલીતોનું પાછળ રહી ગયેલાઓનું ધ્યાન પણ રાખ્યું છે અને પોતાની સાથે પોતાના વર ઘોડામાં લઈ ગયા.

તમારે પણ આવા લોકોને તમારી સાથે રાખી ચાલવું જોઈએ. શંકરજીના ભક્તો ! જો તમે આમને સાથે લઈ ચાલી નથી શકતા તો પછી તમને વિચારવામાં મુશ્કેલી પડશે, મુશ્કેલીઓનો સામનો કરવો પડશે અને ફળસ્વરૂપ, તમને એ આનંદ કે ખુશી નહીં મળે જે આનંદ ઉલ્લાસમાં ભગવાન શંકરના ભક્તો રહે છે. જે શંકરજીના ચરણોમાં તમે બેઠા છો તેની પાસેથી તમે કશું જ નહીં શીખો ? ફક્ત પૂજા જ કરતા રહેશો. આ બધી બાબતો સમજવા માટે છે.

શંકર ભગવાનની સવારી શું હતી ? નંદી તેઓ એક બળદ ઉપર સવારી કરતા હતા. બળદ તેને કહે છે જે મહેનતુ હોય છે, પરિશ્રમી હોય છે. જે મનુષ્યને મહેનત કરવાનું આવડે છે તેને ભારત વાસી હોય કે પછી ઈંગ્લેન્ડ, ફ્રાન્સ અથવા તો ગમે તે દેશનો હોય – ભગવાનની સવારી બની શકે છે. ભગવાન ફક્ત તેઓને જ મદદ કરે છે જે પોતાની મદદ પોતે જ કરે છે. બળદ આપણે ત્યાં શક્તિનું પ્રતીક છે હિમ્મતનું પ્રતીક છે. તમારે હિમ્મતથી કામ લેવું પડશે અને પોતાની મહેનત અને પરસેવા ઉપર નિર્ભર રહેવું પડશે.

પોતાની બુદ્ધિ ઉપર નિર્ભર રહેવું પડશે. તમારી પ્રગતિના દ્વાર બીજા ન કોઈને નહીં પણ તમારે જ ખોલવાનાં રહેશે. પાડાની ઉપર કોણ સવારી કરે ? તમે પોતે તેનો ક્યારેય વિચાર કર્યો છે ખરો ! પાડો કોને કહેવાય ? પાડો એટલે જે કામ કરવાની લુચ્ચાઇ કરે છે, આળસ કરે છે. પાડા જેવો જે હોય તેને ક્યારેય કામ કરવાનું મન નથી થતું બળદ હંમેશા

શંકરજીને ઘણો પ્યારો રહ્યો છે. તેઓ તેની ઉપર સવારી કરે છે, તેને પ્રેમથી બચકાવે, પીવડાવે, નવડાવે, ધોવડાવે અને સારી રીતે રાખે છે. મારે અને તમારે બળદ બનવાનું છે. આ જ શંકરજીનો બોધ છે.

શિવજીનું મસ્તક એવી વિભૂતિઓથી શોભાયમાન થયેલું છે જેને દરેક દ્રષ્ટિએ શ્રેષ્ઠ અને આદર્શ કહી શકાય. લલાટ પર ચંદન છે ખરૂં પરંતુ સંતુલનશીલતા ચંદ્રમાં જેવી ધારણ કરેલી છે. શિવજીના મસ્તક ઉપર ચંદ્રમા છે જેનો અર્થ છે શાંતિ, સંતુલન, ચંદ્રમા એ મનની મુદિતાવસ્થાનું પ્રતીક છે. એટલે કે યોગીનું મન હંમેશા ચંદ્રમાની જેમ પ્રફુલ્લિત અને તેની જેમ ખીલેલું તથા શંકા વગરનું હોય છે.

ચંદ્રમાં એ પૂર્ણજ્ઞાનનું પ્રતીક છે એટલે કે તેને જીવનની અનેક વિકટ પરિસ્થિતિઓમાં રહેવા છતાં પણ કોઈ પ્રકારનો સંશય અથવા તો ઉહાપોહ હોતો નથી. તે પ્રત્યેક અવસ્થામાં ખૂબ રાજી રહે છે વિષમતાઓનો તેની ઉપર કોઈ પ્રભાવ પડતો નથી. માથા માંથી ગંગાની જલ ધારા નીકળવાનો આશય જ્ઞાન ગંગાથી છે. મસ્તિષ્કની અંદર અંતરાલમાં ફક્ત ‘ગ્રેમૈટર’ ભરેલું ન રહે. જ્ઞાન વિજ્ઞાનનો ભંડાર પણ ભરેલો રહેવો જોઈએ, જેથી કરી પોતાની સમસ્યાઓનું સમાધાન થઈ શકે અને બીજાને પણ મુશ્કેલીઓમાંથી બહાર કાઢી શકે. વાતાવરણને સુખ શાંતિમય કરી શકે.

માથા માંથી નીકળતી ગંગા શિવજીની આધ્યાત્મિક શક્તિઓ તથા તેમના જીવનના આદર્શો ઉપર પ્રકાશ પાથરે છે. ગંગાજી વિષ્ણુલોકથી આવે છે. આ અવતરણ મહાન આધ્યાત્મિક શક્તિના રૂપમાં થયેલું છે. તેને સંભાળવવાનો પ્રશ્ન ઘણો જ મુશ્કેલ હતો. શિવજીને આ કાર્ય માટે યોગ્ય સમજવામાં આવ્યા અને ભગવતી ગંગાને તેમની જટાઓમાં સ્થાન મળ્યું. ગંગાજી અહીંયાં જ્ઞાનની પ્રચંડ આધ્યાત્મિક શક્તિના રૂપમાં અવતરિત થયાં છે.

લોકકલ્યાણને માટે તેમને ધરતી ઉપર લાવવાની અજ્ઞાની લોકોનું અજ્ઞાન દૂર થાય અને જ્ઞાન સાથેનું જીવન મળે તેવી એક લોકવાયકા છે, પરંતુ તે જ્ઞાનને ધારણ કરવાનું કાર્ય બહુ મુશ્કેલ  હતું, જેને શિવ જેવા સંકલ્પશક્તિ વાળા મહાપુરુષ જ ધારણ કરી શકે, એટલે કે મહાન બૌદ્ધિક ક્રાંતિનું નિર્માણ પણ એવી કોઈ વ્યક્તિ કરી શકશે જેના જીવનની અંદર ભગવાન શિવના આદર્શો ઉતાર્યા હોય, તે જ બ્રહ્મજ્ઞાનને ધારણ કરી તેનો ઉપયોગ લોકહિત તે જ બ્રહ્મજ્ઞાનને ધારણ કરી તેનો ઉપયોગ લોકહિત માટે કરી શકે છે.

શિવને ત્રણ નેત્ર છે. ત્રીજું નેત્ર જ્ઞાનચક્ષુ છે, દુરદ્રષ્ટિવાળું, વિવેકશીલતાનું પ્રતીક જેની પલક ઉઘડતાં જ કામદેવ બળીને ભસ્મ થઈ ગયા. સદ્‌ભાવની ભાગીરથીની સાથે જ આ ત્રીજા નેત્રના દુર્વાસા પણ બિરાજમાન છે અને પોતાનું ઋષિત્વ સ્થિર રાખીને પણ

ખરાબ દુષ્ટ વિચારધારાવાળાઓને મનફાવે તેમ ન ફરવા દેતાં તેના મદનું મર્દન કરીને જ જંપે છે.

ખરેખર આ ત્રીજું નેત્ર સૃષ્ટાએ દરેક મનુષ્યને આપ્યું છે. સામાન્ય પરિસ્થિતિઓમાં તે વિવેકના રૂપમાં  જાગૃત રહે છે પરંતુ તે પોતાનામાં જ એટલું સશક્ત અને સર્વવ્યાપી છે કે કામવાસના જેવા ગંભીર કોપ પણ કાંઈ બગાડી શકતા નથી. તેમને પણ બાળી નાખવાની ક્ષમતા તેમના વિવેકમાં રહેલી છે. જો આ ત્રીજું નેત્ર ખુલી જાય તો સામાન્ય મનુષ્ય પણ વિકટ મુશ્કેલીઓનો સામનો કરીને પણ વિશાળ વટવૃક્ષ થઈને અસંખ્ય ગણો લાભ મેળવી શકે. ત્રીજું નેત્ર ખુલવાનું તાત્પર્ય છે – પોતાની જાતને પોતાના આત્માને સાધારણ ક્ષમતા માંથી ઊંચકીને વિશિષ્ટ શ્રેણીમાં મૂકી દેવો.

ત્રણ ભવ બંધન ગણવામાં આવે છે. – લોભ, મોહ, અહંકાર. આ ત્રણેયનો નાશ કરવા માટે એક અસ્ત્રની આવશ્યકતા ત્રિપુરારી શિવને હતી જે દરેક ક્ષેત્રમાં યોગ્યતાની સ્થાપના કરી શકે. ત્રિપુરારીએ ત્રિશુલના રૂપમાં શસ્ત્ર ધારણ કર્યું જેની ત્રણ ફળાઓ જ્ઞાન, કર્મ અને ભક્તિની તીક્ષ્ણ ધારાઓ છે. શિવ ડમરુ વગાડે છે અને મોજમાં આવે ત્યારે નૃત્ય પણ કરે છે. આ વિનાશકારી મસ્તીનું પ્રતીક છે. વ્યક્તિ ઉદાસ, નિરાશ અને ખિન્ન, વિપન્ન બેસીને પોતાનામાં રહેલી શક્તિઓ ન ખોતા – પ્રફુલ્લિત જીવન જીવે. શિવ આ જ કરે છે, આ જ નીતિને અપનાવે છે. તેમનું ડમરું જ્ઞાન, કલા, સાહિત્ય અને વિજયનું પ્રતીક છે. તે

પોકારી પોકારીને કહી રહ્યો છે કે શિવ કલ્યાણના દેવતા છે. તેમના વિચારો રૂપી ખેતરોમાં કલ્યાણકારી યોજનાઓ સિવાય બીજી કોઈ વસ્તુની ઊપજ થતી નથી. વિચારોમાં કલ્યાણની સમુદ્ર લહેર હિલોળાં લે છે. તેમના દરેક શબ્દોમાં સત્યમ્ શિવમનો જ ધ્વનિ નીકળે છે. ડમરુ માંથી નીકળતી સાત્વિકતા સભર વાણી દરેકને મંત્રમુગ્ધ કરી દે છે અને જે કાંઈ એની નજીક આવે છે તેને પોતાનો કરી લે છે.

શિવને લિંગ આકાર માનવામાં આવે છે. એનો અર્થ એવો છે કે સૃષ્ટિ સાકાર હોવા છતાં પણ તેનો આધાર આત્મા છે. જ્ઞાનની દૃષ્ટિથી તેના ભૌતિક સૌંદર્યનું કોઈ મોટું મહત્વ નથી. મનુષ્યએ આત્માની ઉપાસના કરવી જોઈએ, તે અંગેનું જ્ઞાન પ્રાપ્ત કરવું જોઈએ. સાંસારિક રૂપ-સૌંદર્ય અને વિવિધતાઓમાં ઘસડાઈને એ મૌલિક સૌંદર્યનો તિરસ્કાર કરવો ન જોઈએ.

ગૃહસ્થ થઈને પણ પૂર્ણ યોગી થવું શિવજીના જીવનની બહુ મોટી ઘટના છે. સાંસારિક વ્યવસ્થાઓને ચલાવીને પણ તે યોગી રહે છે. પૂર્ણ બ્રહ્મચર્યનું પાલન કરે છે. તેઓ તેમનાં ધર્મપત્નીનું પણ માતૃ શક્તિના રૂપમાં દર્શન કરે છે. આ એમની મહાનતાનો બીજો આદર્શ છે. રિદ્ધિ સિદ્ધિ તેમની પાસે રહેવામાં ગર્વ અનુભવે છે. અહીં તેમણે એ સિદ્ધ કરી બતાવ્યું કે પૂરું કરી શકાય છે.

શિવના પ્રિય આહારમાં એક સામેલ છે, ભાંગ, ભંગ એટલે વિચ્છેદ-વિનાશ. માયા અને જીવની એક્તા નો ભંગ, અજ્ઞાન આવરણનો ભંગ, સંકુચિત સ્વાર્થપરતાનો ભંગ, ક્રોધ અને પાપનો ભંગ, આ જ છે શિવજીનો પ્રિય ખોરાક. જ્યાં શિવજીની કૃપા હશે ત્યાં અંધકાર ભરી રાત્રી ભંગ થઈ રહી હશે અને કલ્યાણકારક અરુણોદય નું પુણ્ય દર્શન જોવામાં આવી રહ્યું હશે.

શિવને પશુપતિ કહેવામાં આવે છે. પશુત્વના વર્તુળમાં આવવા વાળી દુર્ભાવનાઓ અને દુષ્પ્રવૃત્તિઓનું નિયંત્રણ કરવાનું કામ પશુપતિનું છે. નર પશુના રૂપમાં રહી ગયેલો જીવ જ્યારે કલ્યાણ કર્તા શિવના શરણમાં જાય છે ત્યારે સ્વાભાવિક રીતે પશુત્વનું નિરાકરણ થઈ જાય છે અને ક્રમશ મનુષ્યત્વ અને દેવત્વનો વિકાસ થવા લાગે છે. મહા મૃત્યુંજય મંત્રમાં શિવને ત્ર્યંબક અને સુગન્ધિ પુષ્ટિ વર્ધકમ કહેવામાં આવ્યા છે. ત્રિવર્ગ - અમ્બક એટલે ત્રિવર્ગ ત્રણનો સમૂહ સંયમ, વિવેક, દાનને ત્રિવર્ગ કહેવામાં આવે છે.

જ્ઞાન, કર્મ અને ભક્તિપણ ત્ર્યંબક છે. આ ત્રિ વર્ગને અપનાવવાથી મનુષ્યનું વ્યક્તિ પ્રત્યેક દૃષ્ટિથી પરિપુષ્ટ અને પરિપક્વ બને છે. તેની સમર્થતા અને સંપન્નતા વધે છે. સાથે સાથે શ્રદ્ધા, સન્માન પૂર્ણ સહયોગ ઉપલબ્ધ કરાવનાર યશસ્વી ઉપલ્બ્ધિઓ પણ કરત લગત હોય છે. આ જ સુગંધ છે.

ગુણ, ધર્મ અને સ્વભાવની ઉત્કૃષ્ટતાનું પ્રતિ ફળ યશ અને બળના રૂપમાં પ્રાપ્ત થાય છે. આમાં જરા જેટલી પણ શંકા નથી. આ જ રહસ્યનું ઉદઘાટન પ્રતિ ફળ યશ અને બળના રૂપમાં પ્રાપ્ત થાય છે. આમાં જરા જેટલી પણ શંકા નથી. આ જ રહસ્યનું ઉદઘાટન મહામૃત્યુજય મંત્રમાં વિસ્તારપૂર્વક કરવામાં આવ્યું છે.

દેવતાઓ દ્વારા આપવામાં આવેલ બોધ અને પ્રેરણાઓને મૂતિમંત કરવાને માટે આપણા જ હિન્દુ સમાજમાં પ્રતીક પૂજાની વ્યવસ્થા કરવામાં આવી છે. જેટલા પણ દેવતાઓનાં પ્રતીક છે તે દરેકની પાછળ કોઈ ને કોઈ સંકેત રહેલો છે. પ્રેરણાઓ અને દિશાઓ ભરેલી પડેલી છે. હમણાં હું તમને ભગવાન શંકરનું ઉદાહરણ આપી રહ્યો હતો અને કહી રહ્યો હતો કે સંપૂર્ણ વિશ્વનું કલ્યાણ કરવા વાળા શંકરજીની પુજા અને ભક્તિની પાછળ જે સિધ્ધાંતોનો સમાવેશ થયેલો છે તે દરેકને આપણે શીખવા જોઈતા હતા. જાણવા જોઈતા હતા જીવનમાં ઉતારવા જોઈતા હતા. પરંતુ આપણે તે બધી જ વાતોને ભુલતા ગયા અને ફક્ત ચિન્હ પૂજા સુધીની સીમામાં બંધાઈ રહી ગયા. જેને ‘શિવ’ શબ્દના અર્થમાં બતાવાયો છે. ‘શિવ’ એટલે કલ્યાણ. હંમેશા કલ્યાણની દ્રષ્ટિ રાખીને દરેક પગલું ઉઠાવવું જોઈએ અને દરેક કામ કરવાની રીતો તથા વિચારવાની રીતોનું નિર્માણ કરવું પડશે. આ જ ‘શિવ’ શબ્દનો અર્થ થાય છે. આપણું સુખ ક્યાં છે ? તે નહીં પરંતુ

આપણુ કલ્યાણ શેમાં છે ? કલ્યાણને જોવાની આપણી દ્રષ્ટિ જો જાગી ઊઠે તો એમ કહી શકાય કે આપણે ભગવાન શિવના નામનો અર્થ સમજી લીધો છે.

‘ઓમ નમઃ શિવાય’ નો જપ તો કર્યો, પરંતુ ‘શિવ’ શબ્દનો અર્થ કેમ ન સમજ્યા.

એટલે કે સમજીને જપ કર્યા હોત તો સારું હતું, પરંતુ આપણે તો સમજણને છોડતા જઈએ છીએ અને બાહ્ય રૂપને પકડતા જઈએ છીએ. આનાથી કામ થવાનું નથી. સમય આરતી ઉતારીએ છીએ, જપ કરીએ છીએ, શિવરાત્રીના દિવસે પુજા અને ઉપવાસ કરીએ છીએ અને બીજી અનેક કોને ખબર શું પ્રાર્થના કરીએ છીએ કરાવીએ છીએ.

શું એ ભગવાન શંકર આપણી મુશ્કેલીઓનું સમાધાન નહીં કરી શકે ? શું આપણી પ્રગતિમાં કોઈ સહયોગ આપી નહીં શકે ? ભગવાને આપવું જોઈએ, આપણે તેમના પ્યારા છીએ, તેમના ઉપાસક છીએ.

આપણે તેમની પૂજા કરીએ છીએ. તે વાદળના જેવા છે. જો આપણી પાત્રતા વિકસિત થતી જશે તો તે લાભ મળતા થશે જે શંકરના ભક્તો ને મળવા જોઈએ.

શંકર ભગવાના સ્વરૂપને, જેવું કે મેં તમને વર્ણવ્યું, એવી જ રીતે દરેક પૌરાણિક કથાઓમાં, દરેક દેવી દેવતાઓની વાતોમાં સંદેશાઓ અને બોધપાઠ ભરેલા પડ્યા છે. કાશ ! આપણે એ દરેકને સમજવાની કોશિશ કરી હોત, તો આપણે પણ પ્રાચીન સમયના નર

રત્નોમાંના એક રહ્યાં હોત, જેને દુનિયા ૩૩ કરોડ દેવતાઓની ઓળખે છે. ૩૩ કરોડ માનવીઓ હિન્દુસ્તાનમાં રહેતા હતા અને તેમને જ લોકો કહેતા હતા કે તેઓ માણસ નહીં દેવતા છે, કેમ કે તેમનાં વિચારો અને કર્મ ઊંચા હતાં. તે ભારત ભૂમિ દેવતાઓની ભૂમિ હતી અને રહેવી જોઈએ. તમારે અહીંયાં દેવતાઓની રીતે રહેવાનું છે. દેવતા જયાં પણ જાય છે ત્યાં શાંતિ, સૌંદર્ય, પ્રેમ અને સદબુદ્ધિ ઉત્પન્ન કરે છે. તમારે લોકોએ પણ જ્યાં પણ ક્યાંય જાઓ આવું જ કરવું જોઈએ. તમે બધાએ અત્યાર સુધી મારી વાત સાંભળી ખુબ ખુબ આભાર, તમારા સર્વે લોકોનો. ઓમ શાંતિ.